


# મર્યાદાની રેખા બને જીવનની લક્ષ્મણરેખા

**જ્ઞાનામૃત**
**બ્રહ્માકુમાર અનિલ**

મનુષ્યના પારિવારિક અને સામાજિક જીવનમાં મર્યાદાનું એક આગવું મહત્ત્વ છે. માત્ર સંસદ (Parliament)માં શિષ્ટતા અને સન્માન તથા બંધારણને અનુકૂળ વ્યવહારને જ મર્યાદા કહેવાતી નથી પણ ઘર, પરિવારમાં, મિત્રમંડળીમાં, અડોશ-પડોશમાં, સગાં-સંબંધીઓમાં, દેશ અને પ્રદેશોમાં એટલે કે દરેક કાર્યક્ષેત્ર અને સંબંધક્ષેત્રમાં મર્યાદાપાલન કરવા યોગ્ય છે. જો કે મર્યાદા કોઈ કાનૂન (Law) નથી અને પાપ-પુણ્યની પરિભાષા પર આધારિત કોઈ આચારસંહિતા પણ નથી પરંતુ પારસ્પરિક સંબંધોમાં કલહ-કલેશની સ્થિતિને પેદા થતી રોકવા માટે તથા કાર્યને સુચારૂ રીતે ચલાવવા માટે તથા સમાજમાં સુમેળ, સ્નેહ અને વ્યવસ્થા જાળવી રાખવા માટે આવશ્યક છે. વાસ્તવમાં મર્યાદા જળવાઈ રહે તો કાનૂન અને દંડસંહિતાની આવશ્યકતા જ રહેતી નથી અને તનાવથી બચવા માટે ડૉક્ટર તથા દવા-ગોળીઓની પણ જરૂર પડશે નહીં. પરસ્પર મતભેદ, ટકરાવ યા ભાવસ્વભાવને કારણે પેદા થતી અલગતાવાદની ભાવના રહેશે નહીં. મર્યાદા એક એવો કાયદો છે જેમાં ફાયદો જ ફાયદો છે. તે એકબીજા સાથે સજ્જનતા અને સન્માનયુક્ત વ્યવહાર કરવાની વણલખી સમજૂતી છે.

જેમ કોઈ મશીનના દાગીનાઓને સારી રીતે ચલાવવા માટે, સાફ રાખવા એને ગ્રીસ યા ઓઈલ લગાડવાની જરૂર હોય છે. તે રીતે માનવસમાજમાં વ્યક્તિઓ વચ્ચેના સંબંધોને સ્નિગ્ધ બનાવવા માટે મર્યાદાની જરૂર છે. જેમ ખાવામાં વારંવાર રેતી, કાંકરા, જંતુ વગેરે આવે તો ખાવાનું પડતું મૂકવાની ઈચ્છા થાય છે તે રીતે મર્યાદા વિનાના જીવનમાં પણ આવી જ સ્થિતિ જન્મે છે. જેથી જીવન જીવવા યોગ્ય રહેતું નથી. મિઠાઈઓ તેના યોગ્ય સ્વરૂપમાં જ સારી લાગે છે તે રીતે જીવનમાં સુખની સામગ્રી હોવા છતાં પણ મર્યાદા ન હોય અને એને બદલે અમર્યાદા આવી ગઈ હોય તો જીવન તુચ્છ, ત્યાજ્ય અને સડેલા જેવું લાગે છે. જેમ મનુષ્ય ગોરા રંગનો હોય, તેનામાં લાલિમા હોય, મુખકૃતિ સુંદર હોય, એણે કોટ પેન્ટ અને નેકટાઈ પણ પહેરેલી હોય તેનાથી સુંદર લાગતો હોય પણ અંદરથી મેલો, બેડોળ, ચરિત્રહીન અને ગુપ્તવેશમાં ચોર હોય, ડાકુ યા ભયંકર રોગથી પીડિત હોય તો તે વ્યક્તિ આપણને ગમતી નથી. એ રીતે જ સમાજના વિભિન્ન સ્તરોમાંથી જો મર્યાદા નષ્ટ થઈ ગઈ હોય તો તે સમાજ કચરાના ઢગલા જેવો લાગે છે. યા મતલબી, ચાલબાજ અને નકામા લોકોનો એક સમૂહ માત્ર જ લાગે છે. જોવામાં તો બધા તિલકધારી પંડિત હોય, ખભા ઉપર એમણે રામ-રામ લખેલો ખેસ રાખ્યો હોય હાથ યા બગલમાં પોથી હોય, મુખમાં તેઓ રામ-રામ બોલે પરંતુ મનમાં એમના મતલબની મૂર્તિ હોય યા પૈસાની પ્રતિમા હોય તો તે પંડિત મંડળી શોભતી નથી. એમની પાસેથી કથા સાંભળવાનું મન પણ થતું નથી. એ રીતે જે લોકો પાકા સ્વાર્થી છે અને જેમના મનમાં પોતાના જ માન-શાનની ઉત્કૃષ્ટ ઈચ્છા હોય અને માટે તે સજ્જનતા, ભદ્રતા અને મર્યાદાની હત્યા કરવા માટે તૈયાર થતા હોય, તો તેઓ સમાજના ધ્વંસ માટે નિમિત્ત બને છે અને સમાજને નિકૃષ્ટ (નીચલી કક્ષાનો) બનાવી દે છે.

આ કલિકાળમાં પણ દરેક દેશની સરકારમાં દરેક કર્મચારી યા અધિકારીનું પોતપોતાનું સ્થાન અને માન હોય છે. મંત્રીનું સ્થાન પોતાનું, સચિવનું પોતાનું, કલાર્કનું પોતાનું અને પટાવાળાનું પોતાનું સ્થાન હોય છે. આમ તો બધા મનુષ્ય છે અને એ સંબંધે સર્વની સાથે વ્યવહાર થવો જોઈએ પરંતુ જ્યારે અધિકારી કાર્યાલયમાં આવે છે તો પટાવાળો ઊભો થઈને નમસ્તે કરે છે અને દરવાજો ખોલી દે છે. એનો એ અર્થ નથી કે અધિકારી અભિમાનમાં આવી જાય યા પટાવાળાને ધમકાવીને વાતો કરે પરંતુ એનો એટલો જ ભાવ છે કે પટાવાળો આવેલી વરિષ્ઠ વ્યક્તિનો આદર કરે. આ તો વર્તમાન સમયની પરિપાટી છે. દેવી-દેવતાઓની મર્યાદા એનાથી ભિન્ન હોઈ શકે છે પરંતુ જો 'મર્યાદા' જ ન હોય તો સંઘર્ષ અને મતભેદ થાય છે. રાજા ભોજનું સ્થાન પોતાનું અને ગંગુ તેલીનું સ્થાન પોતાનું હોય છે. આ વાતનો તો ઈન્કાર થઈ શકે તેમ નથી. મર્યાદા વિના તો રેલગાડી પાટા ઉપરથી નીચે ઊતરી જાય અને દુર્ઘટના થઈ જાય. સમુદ્ર જો મર્યાદા છોડી દે તો નગર અને ગામો ડૂબી જશે અને વસ્તી છે ત્યાં વેરાન થઈ જશે. એટલા માટે વડીલો અને વૃધ્ધોએ, ધર્માચારીઓએ અને હિતેચ્છુઓએ મર્યાદાથી ચાલવાની વાત કહી છે. યોગીઓની મર્યાદા તો સર્વ સભ્યતાઓ દ્વારા પાલન કરવામાં આવતી મર્યાદાઓથી શ્રેષ્ઠ હોવી જોઈએ.

> સત્યતા એ છે કે મર્યાદા પણ આપણો એક અધ્યયન-અભ્યાસનો વિષય છે. ઉત્તમ મર્યાદાઓનું પાલન કર્યા વિના મનની સાચી શાંતિ અને સાચું સુખ સંભવ નથી

ઈશ્વરીય જ્ઞાન, સહજ રાજયોગ, સદગુણોનું આચરણ તથા સેવા-સહયોગ એ અધ્યયનના વિષય છે. સત્યતા એ છે કે મર્યાદા પણ આપણો એક અધ્યયન-અભ્યાસનો વિષય છે. ઉત્તમ મર્યાદાઓનું પાલન કર્યા વિના મનની સાચી શાંતિ અને સાચું સુખ સંભવ નથી. મિત્રો, આપણે મર્યાદાને લક્ષ્મણરેખા સમજીએ અને તે લક્ષ્મણરેખાની-લકીરની બહાર કદમ કદી ન મૂકીએ એવા દ્રઢ સંકલ્પ સાથે જીવન-વ્યવહાર કરવા અને આપણા સ્નેહીજનોને પણ મર્યાદાની લકીરની અંદર જીવનવ્યવહાર કરવા પ્રેરણાસ્ત્રોત બનીએ એ જ શુભભાવના સાથે...



# કાર્યમાં અભિરતિ

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા**
**સાધુ જ્ઞાનાનંદદાસ**

કાર્ય એટલે માનવજીવનની સૌથી પવિત્ર ફરજ. માણસ જ્યારે પોતાના કાર્યને માત્ર રોજિંદી ક્રિયા રૂપે નહીં, પણ આંતરિક તલસ્પર્શી નિષ્ઠાથી કરે છે, ત્યારે એ કાર્ય તેની આરાધના બની જાય છે. કોઈ પણ ક્ષેત્ર, પછી તે ઘર, શિક્ષણ, સંસ્કાર, સેવા, ધર્મ, વિજ્ઞાન હોય કે કલા, સફળતા હંમેશા એ જ વ્યક્તિના દ્વાર ખખડાવે છે, જે પોતાના કાર્યમાં નિમગ્ન રહેવાનું શીખી ગયો હોય.

ગીતા કહે છે કે સ્વકાર્યમાં અભિરત માનવ જ સિદ્ધિને પામે છે. અભિરતિ એટલે મનની એવી સ્થિરતા કે જ્યાં બહારની ચંચળતા કમસે કમ પોતાનો પ્રભાવ છોડી શકે. માણસનું મન જો હંમેશા છૂટા પવનની જેમ એક વિષયથી બીજા વિષય તરફ ભાગતું રહે, તો કોઈ મોટી સિદ્ધિનું ફળ તેને મળવાનું મુશ્કેલ છે. પરંતુ જે પોતાના કાર્ય પર અંતરાત્માની પ્રીતિ સાથે સુસ્થિર રહેશે, તે પોતાની જાતને ધીમે ધીમે પરંતુ ચોક્કસ ઊંચાઈએ લઈ જશે.

વાર્તા બહુ જૂની છે, પરંતુ તેમાંની સુગંધ આજે પણ તાજી લાગે છે. ગુજરાતના એક નાના ગામમાં ગંગારામ નામનો એક માટીકામ કરનાર કુંભાર રહેતો. ગામમાં કોઈએ તેની ખાસ નોંધ લીધી નહોતી. જીવન સાધારણ, આવક ઓછી, પરંતુ એક વસ્તુ બધાને મંત્રમુગ્ધ કરતીઃ તેનું કાર્યપ્રેમ !

સવાર પડે કે ગંગારામ પોતાની ભઠ્ઠી પાસે આવી બેસે. માટી ગૂંથવાનું તેનું કામ હતું. માટી ગૂંથવા તે જમણી હથેળીથી હળવો સ્પર્શ કરતો, માનો માટીને સંબોધન કરતો હોય કે "આજે આપણે ફરી સર્જનનો એક દિવસ જીવવા જઈ રહ્યા છીએ."કોઈ પાસે શબ્દોની કમાણી હોય છે, કોઈ પાસે વિચારની, પરંતુ ગંગારામ પાસે સ્પર્શની કમાણી હતી. તેના હાથે માટીને જીવ મળતો. એક દિવસ ગામના ધનિક શેઠે શહેરથી મોંઘી મૂર્તિઓ મંગાવી. લોકો પાસેથી પ્રશંસાનો પ્રવાહ વહેવા લાગ્યો. તેણે ગંગારામના માટલાઓ સાથે મૂર્તિઓની તુલના કરી. પીઠ પાછળ હાસ્ય રેલાયું-"શું આ ગરીબનું માટલું ક્યારેય આ મૂર્તિઓ જેવી પ્રખ્યાતી પામશે?"

ગંગારામ એક ક્ષણ માટે પણ નિરાશ ન થયો. તેણે કહ્યું, "મારું કામ મારી સાધના છે. હું મારા ભાગનું શ્રેષ્ઠ કરીશ. મૂર્તિને કોણે વખાણી એ જોવું મારું ધ્યેય નથી; મારી માટી મને જોઈ રહી છે, એની સામે હું નિષ્ઠાવાન રહું એટલું જ પૂરતું."

દિવસ પછી દિવસ, વર્ષ પછી વર્ષ, તેના હાથમાંથી નીકળતા માટલાઓમાં એક અનોખો ઘાટ અને સાથે ઠાઠમાઠ દેખાવા લાગ્યો. માટી એવી ચોળાઈ જતી કે જાણે તે અંદરથી ચમક ફેંકતી હોય. ભઠ્ઠીનો તાપ પણ તેની નિષ્ઠાનો સતત સાક્ષી બનતો.

એક દિવસ શહેરની એક કલા સંસ્થા ગામડાંની કલા જોવા આવી. મોટા કલાકારોએ ગંગારામનું માટલું હાથમાં લીધું. તેઓ ચકિત થયા, "આમાં તો કરવાની કળા કરતાં પણ ઊંડો સ્પર્શ છે."તેમણે તે માટલાઓનું પ્રદર્શન ભર્યું. થોડા જ મહિનામાં "ગંગારામ"ગામની સીમા વટાવી સમગ્ર રાજ્યમાં જાણીતા થયા. જ્યારે ગામલોકોએ આ સમાચાર સાંભળ્યા ત્યારે ઘણા લોકો તેની ભઠ્ઠી પાસે દોડી આવ્યા. કોઈએ પૂછ્યું, "ગંગારામ! તું આટલી સફળતા કેવી રીતે પામ્યો?"ગંગારામ શાંત અવાજમાં બોલ્યોઃ"મેં ક્યારેય સફળતાને પકડવાનો પ્રયાસ કર્યો જ નહીં. મેં તો માત્ર મારા કામને પકડ્યુંઅને એક દિવસ સફળતાએ મને પકડી લીધો."

હા, જ્યારે માણસ પોતાના કામમાં અભિરત થાય છે, ચાહે તે માટલું હોય, પુસ્તક હોય, ભજન હોય કે જીવન હોય, ત્યારે કામ માત્ર વ્યવસાય નથી રહેતું, તે આપણી આંતરિક સાધના બની જાય છે. અને આ સાધના જ્યાં લઈ જાય છે તેને જ દુનિયા "સિદ્ધિ"કહે છે.

અને જે પોતાના કામમાં સાચું રહે છે, તેને સિદ્ધિ એક ન એક દિવસ દરવાજા ખોલી જ આપે. જિંદગીમાં બે પ્રકારની દોડ ચાલે છેઃ એક બહારની, બીજી અંદરની. બહારની દોડમાં માણસને કાળ, પરિસ્થિતિ, સ્પર્ધા અને સમાજના મૂલ્યાંકનનો ભય હોય છે પરંતુ અંદરની દોડમાં માત્ર પોતાનાં વલણ, મનોબળ અને સંકલ્પનો જ વરદ હસ્ત હોય છે. જે લોકો પોતાની આંતરિક કાર્યશીલતાથી પ્રેરાય છે, તેમને બહારની દોડ ક્યારેય થકવતી નથી. તેઓને 'મારું કાર્ય મારી ઓળખ છે' એવો મક્કમ વિશ્વાસ હોય છે.

> જે લોકો પોતાની આંતરિક કાર્યશીલતાથી પ્રેરાય છે, તેમને બહારની દોડ ક્યારેય થકવતી નથી

મહંત સ્વામી મહારાજ કહે છે કે મહાન સર્જનો ક્યારેય ફુરસદિયાં હાથોમાં જન્મ્યા નથી. સંતો, વિદ્વાનો, વૈજ્ઞાનિકો, વીર પુરુષો, ઋષિઓ, બધાનો એક સામ્ય ગુણ એ હતો કે તેઓ પોતાના કાર્યને શુદ્ધતા, પ્રેમ અને નિષ્ઠાથી કરતા રહેતા. અધ્યાત્મમાર્ગમાં તો ગુરુ જે કાર્ય બતાવે તેમાં નિષ્ઠાથી મંડવું તે જ સિદ્ધિ છે.